



પ્રવીણ તેરૈયા

# સજોદની સીમમાં કેનાલ ઓવરફ્લો

**પાંચ** ખેતરોમાં પાણી ભરાતાં ખેડૂતોમાં આક્રોશ, વળતરની માંગ

અંકલેશ્વર: અંકલેશ્વરના સજોદ ગામની સીમમાંથી પસાર થતી ઉકાઈ જમણા કાંઠાની કેનાલ ઓવરફ્લો થવાના કારણે આસપાસનાં ખેતરોમાં પાણી ભરાઈ જતાં ઊભા પાકને વ્યાપક નુકસાન થયું હતું.

છેલ્લાં ત્રણ-ચાર વર્ષથી ખેડૂતો આ સમસ્યાનો સામનો કરી રહ્યા હોવા છતાં નહેર વિભાગ તરફથી કાયમી ઉકેલ ન આવતાં ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સજોદ ગામના ખેડૂતો દ્વારા કેનાલની આસપાસ મોટા પ્રમાણમાં શેરડીનું વાવેતર કરવામાં આવ્યું છે. કેનાલમાં પાણી આવતાની સાથે જ ઓવરફ્લો થવાથી ખેતરોમાં પાણી ફરી વળે છે.

હાલની સ્થિતિમાં પાંચ જેટલા ખેડૂતોનાં ખેતરોમાં પાણી ભરાતાં પાકને નુકસાન પહોંચ્યું છે.

ખેડૂત યશવંત પ્રજાપતિએ જણાવ્યું કે, કેનાલની બાજુમાં આવેલા તેમના ખેતરમાં તાજેતરમાં ઘઉંનું વાવેતર કરવામાં આવ્યું હતું, પરંતુ ખેતરના પોણા ભાગમાં કેનાલનું પાણી ભરાઈ જતાં ઘઉંનું વાવેતર સંપૂર્ણપણે નિષ્ફળ ગયું છે. જ્યારે ખેડૂત જયંતી કટારિયાના ખેતરમાં શેરડીના ઊભા પાકમાં પાણી ફરી વળતાં કટિંગની તૈયારી હોવા છતાં કામ અટકી પડ્યું છે. અન્ય ખેડૂતોનાં ખેતરોમાં પણ પાણી ભરાવાની સ્થિતિ સર્જાતાં વધુ નુકસાનની ભીતિ સેવાઈ રહી છે.

ખેડૂતોનો આક્ષેપ છે કે, આ મુદ્દે નહેર વિભાગને અનેકવાર મૌખિક રજૂઆત કરવામાં આવી છે, છતાં આજદિન સુધી કોઈ નક્કર કાર્યવાહી થઈ નથી.હાલ ખેડૂતો દ્વારા નહેર વિભાગને કેનાલ ઓવરફ્લોની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા અને થયેલા નુકસાનનું વળતર આપવાની માંગ ઉઠાવવામાં આવી છે.

# રાજપારડી પંથકમાં DGVCLના દરોડા: વીજચોરોને 10 લાખનો દંડ

**વિજિલન્સ** વિભાગની 12 ટીમની કાર્યવાહી, 18 ગ્રાહક પકડાયા

ભરૂચ, ઝઘડિયા: ઝઘડિયા પંથકના રાજપારડીના ગ્રામ્ય વિસ્તારોમાં DGVCL વિજિલન્સ વિભાગની 12 ટીમોએ વહેલી સવારે વીજ ચેકિંગ હાથ ધરતાં વીજચોરોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. આ ચેકિંગ દરમિયાન 10 લાખની વીજચોરી પણ ઝડપાઈ હતી.

ઝઘડિયાના રાજપારડી પંથકમાં આવતાં ગામોમાં શુક્રવારે વહેલી સવારે DGVCLની વિજિલન્સ વિભાગની 12 ટીમોએ આકસ્મિક દરોડા પાડી 10 લાખ ઉપરાંતની વીજચોરી ઝડપી પાડી હતી. શુક્રવારે વહેલી સવારે શિયાળાની ઠંડીમાં લોકો આરામ કરી રહ્યા હતા. DGVCL વિજિલન્સ વિભાગની 12 ટીમ ત્રાટકી હતી અને વિવિધ ગામોના વીજ જોડાણોની ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી, જેમાં રાજપારડી, વણાકપોર, તરસાલી, ભાલોદ વગેરે ગામોમાં વીજચોરી કરતા 18 જેટલા ગ્રાહકને ઝડપી પાડ્યા હતા.

આ વીજચોરી કરતા ગ્રાહકોને 10 લાખ રૂપિયા ઉપરાંતનો દંડ ફટકારવામાં આવ્યો હતો. DGVCL વિજિલન્સ વિભાગની 12 ટીમ તેમજ પોલીસ બંદોબસ્ત સાથે 13 જેટલાં વાહનોના કાફલાએ કુલ 261 જેટલાં વીજ જોડાણો તપાસ્યાં હતાં, જેમાં 18 જેટલાં વીજ મીટરોમાં ચેડાં તેમજ અન્ય અવનવી તરકીબો વાપરી વીજચોરી કરતા ઝડપાયા હતા. આકસ્મિક વીજ ચેકિંગથી વીજચોરોમાં ફફડાટ મચી ગયો હતો.

## પાલેજમાં બે શખ્સના ગેરકાયદે વીજ જોડાણ કપાયાં, 86 હજારનો દંડ, વીજચોરોમાં ફફડાટ

ભરૂચ: ઉચ્ચ પોલીસ વિભાગ તરફથી અસામાજિક તત્ત્વોની યાદી બનાવી 100 કલાકની અંદર કડક કાર્યવાહી કરવાના આદેશ આપવામાં આવ્યા છે. આ સૂચનાના અનુસંધાને પાલેજ પોલીસ સ્ટેશન P.I. એ.એ.ચૌધરી દ્વારા પાલેજ વિસ્તારના અસામાજિક તત્ત્વોની યાદી તૈયાર કરવામાં આવી હતી. આ યાદીના આધારે પોલીસ સ્ટાફની ટીમ બનાવી પાલેજ DGVCLના કર્મચારીઓને સાથે રાખીને શુક્રવારે સંયુક્ત તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન ટંકારીયા ગામના મીનાઝ પાર્કમાં રહેતા અસ્લમ યુસુફ ઉમટા અને હમ્જા યુસુફ ઉમટાના ઘરે ચેકિંગ કરતાં ત્યાં ગેરકાયદે વીજ જોડાણ મળી આવ્યાં હતાં. ગેરકાયદે વીજ ચોરી પકડાતાં DGVCLની ટીમ દ્વારા તાત્કાલિક અસરથી વીજ કનેક્શન કાપી નાંખવામાં આવ્યાં હતાં અને બંને શખ્સને કુલ 86,000 રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. પોલીસ અને વીજ વિભાગની આ સંયુક્ત કાર્યવાહીથી પંથકના અસામાજિક તત્ત્વોમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

# કડોદરા-કીમમાં ગોગો કોન, રોલિંગ પેપર સાથે 4 પકડાયાં

પલસાણા: સુરત ગ્રામ્ય સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) દ્વારા રાજ્યવ્યાપી નશામુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત મોટી કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસ ટીમોએ કડોદરા અને કીમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દરોડા પાડી પ્રતિબંધિત ગોગો સ્મોકિંગ કોન અને રોલિંગ પેપરનું વેચાણ કરતા ચાર વેપારીની ધરપકડ કરી હતી. એસઓજીએ કડોદરા વિસ્તારમાં તાતીથૈયા ગામમાં આવેલી શિવ મહાકાલ દુકાન અને પ્રેમ પાન સેન્ટર સહિતનાં સ્થળોએ તપાસ કરી રવિરંજન સાહુ, સાધનાબેન પાંડે અને પ્રેમસિંગ રાજપુરોહિતની ધરપકડ કરી હતી. તેમની પાસેથી અંદાજે 1,045 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. જ્યારે

કીમ વિસ્તારમાં કુડસદ ગામમાં આવેલા જય ભોલેનાથ ટી સેન્ટર પર દરોડો પાડી રામકુમાર યાદવની ધરપકડ કરવામાં આવી છે. અહીંથી પોલીસને 610 રૂપિયાના કેપ્ટન ગોગો પેપર મળી આવ્યાં છે. આ તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# સલ્ફરના ટન દીઠ ત્રણગણા ભાવ વધતાં સુગર લોબીમાં નારાજગી

**ખાંડ** બનાવવામાં સલ્ફરનો ઉપયોગ થાય છે, ભાવ રૂ.57 હજાર થઈ જતાં સીધી અસર ખેડૂતોને થશે

ભરૂચ: મીઠી શેરડીનો રસ હવે કડવો લાગવા માંડ્યો છે. બે વર્ષ પહેલા એક ટન દીઠ સલ્ફર રૂ.15થી 18 હજારમાં સુગર ફેક્ટરીને વેચાતું મળતું હતું. પણ હવે વધીને સલ્ફરના ભાવ રૂ.57 હજાર થઈ જતાં સુગર લોબી ખફા છે. ખાંડ બનાવવામાં ઉત્પાદન ખર્ચ વધારે થતાં આખરે ખેડૂતોને શેરડીના ભાવ પર માઠી અસર થવાના સંજોગો છે.

ભરૂચ સહિત દક્ષિણ ગુજરાતમાં સુગર ફેક્ટરીઓ સહકારી ધોરણે કાર્યરત છે. સહકારી ધોરણે ચાલતી સુગર ફેક્ટરીઓ શેરડી પકવતા ખેડૂતોને સારો ભાવ આપવા માટે કામગીરી કરતા હોય છે. પણ હવે સુગર લોબીને ખાંડ બનાવવાના ઉપયોગમાં લેવાતા સલ્ફરનો ભાવ ત્રણગણો થઈ જતાં અચરજમાં આવી ગયા છે. બે વર્ષ પહેલા સલ્ફરનો ભાવ (ટન દીઠ) રૂ.15થી 18 હજારનો હતો. જે સુગર ફેક્ટરીને પરવડતો હતો. પણ હવે ડિસેમ્બર-2025માં સલ્ફરનો ભાવ વધીને રૂ.57 હજાર જેટલો થઈ જતાં સૌ સ્તબ્ધ થઈ ગયા છે. અચાનક ભાવ વધતાં તેની માઠી અસર સુગર પ્લાન્ટ અને રો મટિરિયલ્સ (શેરડી) આપતા ખેડૂતો પર થવાની છે.

સુગર ફેક્ટરીઓમાં ખાંડના ઉત્પાદનમાં સલ્ફરનો ઉપયોગ કરવામાં આવતો હોવાથી તોતિંગ ભાવ સામે આવ્યો છે અને ખાંડ વપરાશકારોમાં ભાવમાં ઘટાડો થતો હોવાથી આખરે ખાંડ ઉત્પાદન ખર્ચનો માર આખરે શેરડી પકવતા ખેડૂતો પર પડે છે.ઉત્પાદન ખર્ચમાં વધારો થતાં શેરડીના ભાવો ઓછા મળવાના સંજોગો દેખાઈ રહ્યા છે. જેને લઈ હાલમાં સુગર લોબી પણ સલ્ફરનો ભાવ વધારો થતા ખફા થઈ છે. જેથી સલ્ફરના ભાવોમાં ઘટાડો કરવા માંગ ઊભી થઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં સુગર લોબીની સરકાર પર મજબૂત પકડ છે. તેઓ દરમિયાનગીરી કરે તો આવા પ્રશ્નોનો વ્યવહારુ ઉકેલ મળી શકે એમ છે.

## ઓલપાડના કારેલીમાં બેભાન હાલતમાં મળેલા યુવકનું મોત

સાયણ: મૂળ અમરેલીના વતની ચિરાગ સુનિલભાઈ રાદડિયા હાલમાં સુરત શહેરના વરાછા રોડની રામલખન સોસાયટીના મકાન નં.૧૫૪માં રહી વેપાર-ધંધો કરે છે. તેમણે ઓલપાડ પોલીસ મથકમાં શુક્રવારે ફરિયાદ નોંધાવી હતી કે, ઓલપાડના કારેલીમાં સનસાઈન ઈન્ડસ્ટ્રિઝમાં વેનુ ફેબ નામની કંપની આગળ સુનીલ ભગવાન પંડિત (ઉં.વ.૨૬)ને તેમણે ગત ગુરુવાર, તા.૧૮ના રોજ રાત્રે ૮ કલાકે અગમ્ય કારણોસર બેભાન હાલતમાં પડેલો જોયો હતો. આથી તેઓ સુનીલ પંડિતને સારવાર માટે સાયણની સરકારી હોસ્પિટલમાં લઈ ગયા હતાં. જ્યાં ફરજ પરના હાજર ડોક્ટરે તેને તપાસી મૃત જાહેર કર્યો હતો.

# કારના ગુપ્ત ખાનામાંથી દારૂ મળતાં 2 ખેપિયાની ધરપકડ

**ચોર્યાસી** ટોલનાકા પાસે એલસીબીની કાર્યવાહી

પલસાણા: સુરત ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે કામરેજ પોલીસ સ્ટેશન વિસ્તારના ચોર્યાસી ટોલ નાકા પાસે એક મોટી કાર્યવાહી કરતાં લક્ઝુરિયસ ટાટા હેરિયર ગાડીમાંથી લાખો રૂપિયાની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસ દ્વારા ૪,૬૪,૪૬૦નો વિદેશી દારૂ મળી કુલ રૂ.૧૯,૭૫,૨૬૦નો મુદ્દામાલ જપ્ત કરી બે આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

સુરત એલ.સી.બી.ની ટીમને બાતમી મળી હતી કે, એક સફેદ કલરની ટાટા હેરિયર ગાડી નં.(GJ-06-PE-7773)માં રાજસ્થાનથી વિદેશી દારૂનો જથ્થો ભરી સુરત શહેર તરફ લઈ જવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે ચોર્યાસી ટોલનાકા પાસે નાકાબંધી કરી હતી. તપાસ દરમિયાન ગાડીને અટકાવીને જોતાં તેમાં ખાસ બનાવેલા 'ચોરખાના'માં દારૂ છુપાવેલો હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે ગાડીમાંથી વિદેશી દારૂની ૫૩૧ બોટલો કિં.રૂ.૪,૬૪,૪૬૦ જપ્ત કરી હતી. આ ઉપરાંત એક ટાટા હેરિયર કાર કિં.રૂ.15 લાખ, બે મોબાઈલ ફોન કિં.રૂ.10 હજાર અને રોકડા રૂ.800 મળી કુલ 19,75,260 રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે સ્થળ પરથી બે આરોપી અનુપસિંહ વિરદસિંગ રાજપૂત (ડ્રાઈવર) (રહે.,પુણા ગામ, સુરત, મૂળ રાજસ્થાન) અને મહેન્દ્રકુમાર નથુલાલજી મેવાડા (ક્લીનર) (રહે.,પરવટ પાટિયા, સુરત, મૂળ રાજસ્થાન)ની અટકાયત કરી છે. ઉપરાંત દારૂ મોકલનાર હરીશભાઈ તારાચંદ કલાલ (રહે., પાલી, રાજસ્થાન)ને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### દેવગઢ સબ સેન્ટરમાં ટીબીના શંકાસ્પદ દર્દીઓના એક્સ રે કરાયા



હિતેશ પટેલ

માંડવી: રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત આમલી ડેમ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના દેવગઢ સબ સેન્ટર ખાતે ટીબીનાં શંકાસ્પદ લક્ષણો ધરાવતા દર્દીઓના એક્સ-રે કરવામાં આવ્યા હતા. દીપક ફાઉન્ડેશનના સહયોગથી આ કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેમાં કુલ 126 લાભાર્થીએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમ દરમિયાન તમામ લાભાર્થીઓની સુગર, પ્રેશર અને આંખની પણ તપાસ કરવામાં આવી હતી. આ કાર્યક્રમ જિલ્લા આરોગ્ય અધિકારી ડો.અનિલ પટેલ, જિલ્લા ટીબી ઓફિસર ડો.દિનેશ વસાવા અને તાલુકા આરોગ્ય અધિકારી ડો.નરેન્દ્ર ચૌધરીના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. આ પ્રસંગે ડો.તનવીર મેમણ, સુપરવાઇઝર જયંતીલાલ, તાલુકા સુપરવાઇઝર પ્રવીણભાઈ, ઉષાબેન, NTEP સ્ટાફ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આમલીડેમના કર્મચારીઓએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### ઓનલાઇન ઇન્વેસ્ટમેન્ટ ટ્રેડિંગના બહાને છેતરપિંડી કરનારા 4 ઝડપાયા



ભરૂચ: ઓનલાઇન ઇન્વેસ્ટમેન્ટ અને ટ્રેડિંગના નામે સોશિયલ મીડિયા પર ભરૂચના શખ્સને વધુ નફાની લાલચ આપી લાખો-કરોડો રૂપિયાની છેતરપિંડી આચરનાર સાયબર માફિયાઓની ગેંગને ભરૂચ સાયબર ક્રાઇમ પોલીસે સુરત તથા જૂનાગઢથી ઝડપી પાડ્યા હતા. ભરૂચ જિલ્લાના એક શખ્સ સાથે ઓનલાઇન સ્ટોર અને ટ્રેડિંગના બહાને કુલ 1,09,85,570 રૂપિયાની છેતરપિંડી કરી હતી. પોલીસે દિવ્યેશ ઉર્ફે દિવો ધીરૂભાઇ ભૂવા (રહે.,સુરત, મૂળ રાજકોટ), કિશન શરદભાઇ ધડુક (રહે.,સુરત, મૂળ અમરેલી), પ્રશાંત સુરેશભાઈ વઘાસિયા (રહે.,સુરત, મૂળ અમરેલી) અને રૂષપ હરસુખલાલ સતાસીયા (રહે.,જૂનાગઢ)ની ધરપકડ કરી 4 મોબાઇલ ફોન, 6 એટીએમ કાર્ડ, ક્રેડિટ કાર્ડ અને પાન કાર્ડ સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. હાલ પોલીસે આરોપીઓનાં 4 દિવસનાં રિમાન્ડ મેળવી આ કૌભાંડનાં મૂળ સુધી પહોંચવા વધુ તપાસ હાથ ધરી છે.

### DCM શ્રીરામ લિ. દ્વારા ગુજરાતની પ્રથમ ઇલેક્ટ્રિક સ્ટાફ બસની શુભ શરૂઆત



વિનોદ વસાવા

ઝઘડિયા: ઝઘડિયા GIDCમાં આવેલી DCM શ્રીરામ લિ. દ્વારા ગુજરાતની પ્રથમ ઇલેક્ટ્રિક સ્ટાફ બસ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. સાતત્યપૂર્ણ વિકાસ અને એમ્પ્લોયી વેલ્યુ પ્રોપોઝિશન-બોન્ડ, બિલ્ડ અને બીકમ તરફ કંપની દ્વારા અનોખી પહેલ કરવામાં આવી છે. આ પહેલ કંપનીની કર્મચારી સુખાકારી કેન્દ્રીત મજબૂત પ્રતિબદ્ધતાને પ્રસ્થાપિત કરવા ઉપરાંત સંસ્થાની એમ્પ્લોયી વેલ્યુ પ્રોપોઝિશન-બોન્ડ, બિલ્ડ અને બીકમને પ્રતિબિંબિત કરે છે. આ પ્રયાસ દ્વારા સુરક્ષિત, આરામપ્રદ અને જવાબદારીપૂર્ણ મુસાફરી સુલભ કરાવવાની સાથે કર્મચારીઓની સુરક્ષા દર્શાવે છે.

## વાવ પાસે કારમાંથી દારૂ સાથે એક પકડાયો

કામરેજ: કામરેજ પોલીસને માહિતી મળી હતી કે, મુંબઈ-અમદાવાદ ને.હા.નં.48 પર મારુતિ વેગનઆર કાર નં.(એમએચ 02 જીએચ 0767) વિદેશી દારૂ ભરી જઈ રહી છે. આ બાતમીના આધારે કામરેજ પોલીસે વાવ ગામ નજીક ને.હા.નં.48 પરથી બાતમીવાળી વેગનઆર કાર પકડી પાડી કારની અંદરથી વિદેશી દારૂની 816 બોટલ નંગ કિં.રૂ.2,58,000 તેમજ કારની કિં.રૂ.3 લાખ, મોબાઈલ મળી કુલ રૂ.5,63,000નો મુદ્દામાલ ઝડપી પાડી કારનો ચાલક સંદીપ ઉદયરાજ યાદવ (ઉં.વ.40) (રહે.,ઘર નં.20, રાનીપાર્ક સોસાયટી, ડિંડોલી, મૂળ રહે.,આશાપુર, જિ.જૌનપુર, ઉત્તરપ્રદેશ)ની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ફ્રોડ કર્યું, આરોપી પકડાયો, પણ 11.82 લાખ વાપરી નાંખ્યા!

**ભરૂચ** બી ડિવિઝન પોલીસે સાયબર ક્રાઇમના ગુનામાં આરોપીની ધરપકડ કરી

ભરૂચ: ભરૂચના મદીના પાર્કમાં આવેલા કાપડના વેપારીને 5 મ્યુલ એકાઉન્ટ ખોલાવી 47 ટ્રાન્ઝેક્શન કરાવી રૂ.11.82 લાખ ખંખેરી લેવાના ગુનામાં એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

ભરૂચ બી ડિવિઝન પોલીસે મ્યુલ એકાઉન્ટ હંટની ડ્રાઈવમાં મદીના પાર્કમાં રહેતા રેડિમેઇડ કપડાના વેપારીની ધરપકડ કરી છે.

કાપડનો વેપારી સરફરાજ મેમણે સાયબર ફ્રોડના આવેલા રૂપિયા ડિપોઝિટ કરાવવા 5 મ્યુલ એકાઉન્ટ ખોલાવ્યાં હતાં. જે બેંક ખાતામાં થયેલાં 47 ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ રૂ.11.82 લાખની રકમ જમા થઈ હતી.

આરોપીનાં બેંક ખાતાંમાં અલગ અલગ રાજ્યમાં થયેલા સાયબર ફ્રોડનાં નાણાં જમા થયાં હતાં. જે એન.સી.આર.પી. અરજીની વિગતો ચકાસતાં હકીકત બહાર આવી હતી. આરોપીની ધરપકડ કરી પોલીસે વધુ પૂછપરછ કરતાં તેણે ગુનો કબૂલવા સાથે સાયબર ફ્રોડના જમા થયેલા લાખો રૂપિયા પોતાનાં અંગત કામો માટે વાપરી નાંખ્યા હોવાનો ઘટસ્ફોટ કર્યો હતો. આ મામલે પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.



ઈબ્રાહીમ કાનુ

## શિયાલજ નજીક મોપેડ સ્લિપ થતાં મહિલાને ઈજા

હથોડા: શિયાલજ નજીક હાઈવે પર મોપેડ સ્લિપ થતાં મહિલાને ઈજા થઈ હતી. સાંજના સમયે હાઈવે પરથી મોપેડ લઈને પસાર થતી એક અજાણી મહિલાએ કોઈક કારણસર ડ્રાઈવિંગ પરથી બેલેન્સ ગુમાવતાં મોપેડ સ્લિપ થતાં મહિલા રોડ પર ફેંકાઈ ગઈ હતી. આથી તેને સામાન્ય ઈજા થતાં જિલ્લા ટ્રાફિક પોલીસે એમ્બ્યુલન્સ બોલાવી સારવાર અપાવી હતી. આ બનાવ અંગે ફરિયાદ દાખલ નહીં થતાં મહિલાનું નામ જાણવા મળ્યું નથી.

## ડેડિયાપાડાનો ફરાર બુટલેગર ઝડપાયો

અંકલેશ્વર: અંકલેશ્વર શહેર "એ" ડિવિઝન પોલીસે ડેડિયાપાડા પોલીસ મથકમાં નોંધાયેલા દારૂના ગુનામાં એક વર્ષથી ફરાર આરોપી મહેન્દ્ર ઉર્ફે મુકેશ કેશરીમલ અંકલેશ્વરના પીરામણનાકા પાસે આવતાં પકડી લીધો હતો. ઝડપાયેલા આરોપી મહેન્દ્ર વિરુદ્ધ પોલીસ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**પાસપોર્ટ ખોવાયો છે**

પાસપોર્ટ નં: V6697022 જે અમારી શોપ નં.૧૧૫, શ્રીરંગ સ્ટુડિયો, કાશી પ્લાઝા,તા.કામરેજ ચાર રસ્તા વાળી દુકાનેથી ક્યાંક ખોવાઈ ગયેલ છે જેમને મળે તે નીચેના સરનામે સંપર્ક કરવા વિનંતી.

હિરેનકુમાર ધનસુખભાઈ પટેલ
રહેવાસી : પટેલ ફળીયું, મુ.પો. ધોરણપારડી, તા.કામરેજ,જી. સુરત.
મો.નં. ૯૮૭૯૨ ૯૧૬૧૫

નિઃશુલ્ક આયુર્વેદિક આરોગ્ય કેમ્પ
19-20-21 ડિસેમ્બર
પંચકર્મ- અગ્નિકર્મ - મર્મ રુહ : (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
નિરામય આયુર્વેદિક હોસ્પીટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ હોર આયુર્વેદા
ફ્રી તપાસ
કેમ્પનો સમય : સવારે ૯:00 થી ૬:00
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
• ઘુટણનો વા • PCOD / PCOS • ઈનફર્ટીલીટી
• પેરાલીસીસ • સોરીયાસીસ • કિડનીના રોગો
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853
વૈધરત્નમ્ સંદિપ પટેલ (B.A.M.S, M.D. (Ayu) Ph. D. | વૈદ્ય ડેનિશા વઘાસીયા મળશે.

## ભરૂચની દૂધધારા ડેરીનાં 66 વર્ષ પૂરાં થતાં ઉજવણી



ભરૂચ: ભરૂચ અને નર્મદા જિલ્લાના પશુપાલકો માટે આધારરૂપ જીવાદોરીસમાન ભરૂચ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (દૂધધારા ડેરી) ભરૂચની સ્થાપના ગત તા.18-12-1959માં રોજ દ્વિભાષી મુંબઈ સ્ટેટમાં (ગુજરાત-મહારાષ્ટ્ર રાજ્ય ભેગું) પુના ખાતે રજિસ્ટ્રારમાં નોંધણી થકી થઈ હતી. જે ડેરીને 66 વર્ષ પૂરા કરીને 67માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. આ બાબતે દૂધધારા ડેરીમાં તેની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. દૂધધારા ડેરી ખાતે 'સહકારથી સમૃદ્ધિ' અંતર્ગત દૂધમંડળીઓને સહકારી બેન્કિંગ સાથે જોડવા માટે તથા માર્ગદર્શન આપવા અને તેમના પ્રશ્નોના નિરાકરણ માટે દૂધધારા ડેરી તથા ભરૂચ ડિસ્ટ્રિક્ટ બેંક અને જીએસસી બેંક તરફથી મિટિંગ રાખવામાં આવી હતી, જેમાં દૂધ ઉત્પાદક મંડળીઓના પ્રતિનિધિઓ તથા સેક્રેટરીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં દૂધધારા ડેરીના વર્તમાન નિયામક મંડળના ઉપપ્રમુખ સંજયસિંહ રાજ, ડિરેક્ટર હિરેનભાઈ પટેલ, માજી ડિરેક્ટર સાગરભાઇ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, દૂધધારા ડેરીની સ્થાપના બાદ વર્ષ-2008 સુધી પ્રગતિ થઇ ન હતી. વર્ષ-2008માં ઘનશ્યામભાઈ પટેલ ડેરીમાં સુકાની તરીકે આરૂઢ થતા દૂધધારા ડેરીમાં સતત પ્રગતિના પંથે નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે. હવે નવી મુંબઈ ખાતે બે લાખ લીટરની પેકિંગ ક્ષમતાનો પ્લાન્ટ શરૂ કરી દૂધ અને દૂધની અન્ય બનાવટો વેચાણ કરાય છે.

## પાનોલી પાસે ટ્રક કાર પર પલટી, દંપતીનો આબાદ બચાવ

અંકલેશ્વર: પાનોલી નજીક નેશનલ હાઈવે પર ખરોડ ચોકડી પાસે ગતરોજ મોડી રાત્રે સર્જાયેલા માર્ગ અકસ્માતમાં હાઈવા ટ્રક એકાએક પલટી જતાં કાર ઉપર ખાબકી પડી હતી. અકસ્માત સમયે કારમાં દંપતી સવાર હતું. જેમનો આબાદ બચાવ થયો હતો. ઘટના બાદ મહિલા કારમાંથી હેમખેમ બહાર નીકળી આવી હતી. જ્યારે કારચાલક કાટમાળમાં ફસાઈ ગયા હતા. બનાવની જાણ થતા જ તાત્કાલિક રેસ્ક્યુ ટીમ સ્થળ પર દોડી ગઈ હતી. ક્રેનની મદદથી અંદાજે દોઢ કલાક સુધી ચાલેલી જહેમતભરી રેસ્ક્યુ કામગીરી બાદ કારચાલકને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. સમયસર અને સંકલિત કામગીરીને કારણે બંનેના જીવ બચી શક્યા હતા. અકસ્માતમાં દંપતીને સામાન્ય ઈજા પહોંચી હતી અને તેમને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવને પગલે હાઈવે પર થોડા સમય માટે ટ્રાફિકજામની સ્થિતિ પણ સર્જાઈ હતી.

## ઝંખવાવની આશ્રમ શાળામાં ડ્રોઈંગ સ્પર્ધા

વાંકલ: ઝંખવાવની આશાદીપ આશ્રમ શાળા ખાતે ડીજીવીસીએલ દ્વારા ડ્રોઈંગ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ પ્રસંગે 150 વિદ્યાર્થીને ફ્રૂટ અને પ્રોત્સાહિત ઈનામો અપાયાં હતાં.

Milano MULTIPLEX
બારડોલી
Avatar: Fire And Ash
10:00am, 01:45pm,
05:30pm, 09:30pm
Dhurandhar
09:30am, 12:00pm,
02:00pm, 04:00pm,
06:00pm, 09:00pm,
10:00am
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

**પાસપોર્ટ ખોવાયો છે**

પાસપોર્ટ નં: T2336825 જે અમારી શોપ નં.૧૧૫, શ્રીરંગ સ્ટુડિયો, કાશી પ્લાઝા,તા.કામરેજ ચાર રસ્તા વાળી દુકાનેથી ક્યાંક ખોવાઈ ગયેલ છે જેમને મળે તે નીચેના સરનામે સંપર્ક કરવા વિનંતી.

માનસી હર્ષદભાઈ સોની
રહેવાસી : એ,૪૦૭, ગુરુદેવ એપાર્ટમેન્ટ, રંગ અવધુત સોસાયટી પાસે, એલ.એચ.રોડ, સુરત સીટી,જી. સુરત
મો.નં. ૯૮૭૯૨ ૯૧૬૧૫

**પાસપોર્ટ ખોવાયો છે**

પાસપોર્ટ નં: X9370489 જે અમારી શોપ નં.૧૧૫, શ્રીરંગ સ્ટુડિયો, કાશી પ્લાઝા,તા.કામરેજ ચાર રસ્તા વાળી દુકાનેથી ક્યાંક ખોવાઈ ગયેલ છે જેમને મળે તે નીચેના સરનામે સંપર્ક કરવા વિનંતી.

દિયા મિતેશકુમાર પટેલ
રહેવાસી : પટેલ ફળીયું, મુ.પો. ભૈરવ, તા.કામરેજ,જી. સુરત.
મો.નં. ૯૮૭૯૨ ૯૧૬૧૫

**ધી ભરૂચ ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લિ., ભરૂચ.**
રેલ્વે સ્ટેશન સામે, હોટલ કોરોના પાછળ, ભરૂચ.- ૩૯૨૦૦૧

**જોઈએ છે**

૧૬૦૦ કરોડથી વધુ કામકાજનું ભંડોળ ધરાવતી અને સી.બી.એસ. ના પ્લેટફોર્મ ઉપર કામ કરતી આ બેંકને નીચેના સ્ટાફની જરૂર છે. દિન-૭ માં અરજી કરવી. ફ્રેશ ઉમેદવાર અરજી કરી શકશે આમ છતાં બેંકનાં અનુભવીને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

| અ.નં. | જગ્યાનું નામ | લાયકાત |
|---|---|---|
| ૧. | સીનીયર ઓફીસર | (BCA / MCA / B.E. (I.T) |

ભરૂચ
તા.૨૦-૧૨-૨૦૨૫

ચેરમેન
ધી ભરૂચ ડી.સે.કો-ઓ. બેંક લી.